**આંક–૧૦**

| | |
|---|---|
| રજુ તારીખ | ૦૧/૦૯/૨૦૧૮ |
| દાખલ તારીખ | ૦૧/૦૯/૨૦૧૮ |
| ફેંસલ તારીખ | ૨૮/૧૦/૨૦૨૧ |
| સમયગાળો | વર્ષ :૦૩ માસ:૦૧ દિન: ૨૭ |

**મે.મજુર અદાલત, અમદાવાદના પ્રિસાઈડિંગ ઓફિસર શ્રી પી.એ.માલવીયા સાહેબ સમક્ષ**

**રેફરન્સ (LCA) નંબર : ૯૯૧/૨૦૧૮**

પ્રથમ પક્ષકાર : મેનેજરશ્રી, રીલયાન્સ ઈન્ડ.લીમીટેડ,
ઠે.૧૦૩/૧૦૮, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નરોડા, અમદાવાદ.

**વિરૂધ્ધ**

બીજા પક્ષકાર : મહેતા જીતેન્દ્ર ભુપતરાય,
ઠે.સી–૧૧, નીલકંઠવર્ણી એપાર્ટમેન્ટ, ગેલેક્ષી સીનેમા રોડ,
ગુણવંતનગર નાકે, નરોડા, અમદાવાદ.

હાજર રહયા : પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ.શ્રી જે.ડી.ચાલીસહજાર.
બીજા પક્ષકાર તરફે : કોઈ નહીં.

**–:: એ વો ર્ડ ::–**

(૧) હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે ''**સામાવાળા**'' અને ''**અરજદાર**'' તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) આ કામના અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતશ્રી અમદાવાદ સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમાં સમાધાન નહીં થતાં સદરહુ વિવાદ મદદનીશ શ્રમ આયુકત, અમદાવાદના હુકમ ક્રમાંક : કેએચ/ એસએચએમસી/આર/૯૩/૧૮ – એજે/આઈ.ડી.આર.થી પત્ર ક્રમાંક : ૨૧૧૦૨, તા.૧૮–૮–૨૦૧૮ થી અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરેલ, જેની અનુસુચિ નીચે મુજબ છે.

મહેતા જીતેન્દ્ર ભુપતરાયને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

(૩) હાલનો કેસ અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરવામાં આવતા પક્ષકારોને આંક–૨ થી નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ. જે નોટીસ પક્ષકારો કોર્ટના બેલીફશ્રી ધ્વારા બજી ગયેલ છે. સામાવાળાને નોટીસની બજવણી થતાં તેઓ તરફેથી આંક–૩ થી વકીલપત્ર રજુ થયેલ છે. ત્યારબાદ ફરીથી અરજદારને તા.૧૫–૧૦–૧૯ ના રોજ નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ. ત્યારબાદ અરજદારે જાતે હાજર રહીને આંક–૪ અને આંક–૫ થી વકીલ રોકવાના હોવાથી મુદત માંગણી કરેલ. ત્યારબાદ પણ અરજદાર હાજર રહેલ નથી કે તેમના ધ્વારા માંગણાનું

નિવેદન રજુ કરવામાં આવેલ નથી, જેથી અરજદારનો તા.૩–૮–૨૦૨૧ ના રોજ માંગણાનું નિવેદન રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સામાવાળા તરફેથી આંક–૬ ની પુરસીસ રજુ કરીને અરજદારનો માંગણાનું નિવેદન રજુ કરવાનો હકક બંધ કરેલ હોઈ, તેઓ તરફેથી લેખીત જવાબ રજુ કરવાનો પ્રશ્ન રહેતો નથી. ત્યારબાદ સામાવાળા તરફેથી આંક–૭ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે તેમજ અરજદાર તેમના પુરાવાના હાજર રહેલ ન હોઈ, જેથી તા.૧૪–૯–૨૦૨૧ ના રોજ તેઓનો પુરાવો રજુ કરવાનો હકક બંધ થયેલ છે. જયારે સામાવાળાએ આંક–૮ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે અને આંક–૯ થી દલીલ સંદર્ભે પુરસીસ રજુ કરીને જણાવેલ છે કે, સામાવાળી કંપની રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ કંપનીને ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈ લાગુ પડતી નથી, પરંતુ મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની જોગવાઈ લાગુ પડે છે. અરજદારે લેબર કોર્ટ અમદાવાદ સમક્ષ તે કાયદાની જોગવાઈ હેઠળ ટી.અરજી નં.૧૦૩/૧૯૯૫ દાખલ કરેલ, જે લેબર કોર્ટ દ્વારા તા.૧૮–૨–૦૫ ના રોજ રદ કરવામાં આવેલ છે, જેથી અરજદારે નામદાર ઔદ્યોગિક અદાલત અમદાવાદ સમક્ષ અપીલ (આઈ.સી.) નં.૨૦/૨૦૦૫ દાખલ કરેલ. જે અપીલ નામદાર ઔદ્યોગિક અદાલત દ્વારા રદ કરવામાં આવેલ, જેથી અરજદારે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પે.સી.એ.નં. ૫૪૬૪/૨૦૦૬ દાખલ કરેલ,જે નામદાર હાઈકોર્ટ દ્વારા તા.૨૧–૭–૦૬ ના રોજ રદ કરવામાં આવેલ, જેથી અરજદારે એલ.પી.એ.નં.૨૭૨/૨૦૦૭ દાખલ કરેલ, જે નામદાર હાઈકોર્ટ દ્વારા રદ કરવામાં આવેલ. જેથી અરજદારે નામદાર સુપ્રીમ કોર્ટ સમક્ષ સ્પે.લીવ.અપીલ (સીવીલ) નં.૧૪૨૩૮/૨૦૦૭ દાખલ કરેલ, જે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વાર ૨૪–૮–૨૦૦૭ ના રોજ રદ કરવામાં આવેલ. આમ અરજદારનો હાલનો રેફરન્સ કેસ કાયદેસર રીતે ચાલી શકે તેમ ન હોઈ રદ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામમાં અરજદાર રેફરન્સ દાખલ થયા બાદ બે વખત હાજર રહીને મુદત માંગેલ છે, પરંતુ ત્યારબાદ હાજર રહેલ નથી, તે સંજોગોમાં રેકર્ડ ઉપર તેઓને કોઈ પ્લીડીંગ્સ આવેલ નથી, પરંતુ તેઓએ મદદનીશ શ્રમ આયુકત સમક્ષ રજુ કરેલ ફરીયાદ જોવામાં આવે તો તેઓએ છુટા કર્યા તા.૨૪–૬–૯૪ દર્શાવેલ છે. આમ તેઓએ તા.૨૪–૬–૯૪ સંદર્ભેનું કોઝ ઓફ એકશન તા.૨૫–૫–૧૮ ના રોજ એટલે કે લગભગ ૨૪ વર્ષ પછી ઉપસ્થિત કરેલ છે. તેઓએ વિલંબ બાબતે કોઈ કારણ કે ખુલાસો કરેલ નથી. ત્યારે હાલનો વિવાદ જીવંત હોય તેવું કહી શકાય નહીં. વધુમાં સામાવાળાએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ જોવામાં આવે તો અરજદારે સામાવાળી સંસ્થા સામે ટી.અરજી નં.૧૦૩/૧૯૯૫ કરેલ હતી અને તેમાં તેઓને તા.૨૫–૬–૧૯૯૫ ના રોજ સસ્પેન્ડ કરેલ, તે હુકમ રદ કરવા દાદ માંગેલ હતી. તે ટી.અરજી તેઓએ બી.આઈ.આર.એકટની કલમ ૭૮,૭૯ મુજબ કરેલ હતી. જે લેબર કોર્ટ અમદાવાદ દ્વારા તા.૧૮–૨–૨૦૦૫ ના રોજ રદ કરવામાં આવેલ. વધુમાં તેની સામે અરજદારે નામદાર હાઈકોર્ટમાં એસ.સી.એ.નં.૫૪૬૪/૨૦૦૬ દાખલ કરેલ, જે નામદાર હાઈકોર્ટ દ્વારા તા.૨૧–૭–૦૬ ના રોજ રદ કરવામાં આવેલ, જેથી અરજદારે એલ.પી.એ.નં.૨૭૨/૨૦૦૭

દાખલ કરેલ, જે નામદાર હાઈકોર્ટ દ્વારા રદ કરવામાં આવેલ. જેથી અરજદારે નામદાર સુપ્રીમ કોર્ટ સમક્ષ સ્પે.લીવ.અપીલ (સીવીલ) નં.૧૪૨૩૮/૨૦૦૭ દાખલ કરેલ, જે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વાર ૨૪–૮–૨૦૦૭ ના રોજ રદ કરવામાં આવેલ. ત્યારે અરજદારે હાલના રેફરન્સ કેસમાં તા.૨૪–૬–૯૪ ના રોજ છુટા કર્યાનું મદદનીશ શ્રમ આયુકત સમક્ષની ફરીયાદમાં દર્શાવેલ છે. જયારે ટી.અરજીના કામમાં અરજદારને તા.૧૫–૨–૯૫ ના રોજ નોકરીમાંથી છુટા કરવામાં આવેલ હોવાનું જણાવવામાં આવેલ છે. તે સંજોગોમાં પણ છુટા કરવાની જે તારીખ અને જે કારણ દર્શાવેલ છે તેવું કોઈ કારણ પ્રથમ દૃષ્ટિએ ઉત્પન્ન થયેલ હોવાનું માની શકાય તેમ નથી. વધુમાં જયારે સામાવાળી સંસ્થાને બી.આઈ.આર. એકટ કે જે હાલમાં જી.આઈ.આર. એકટ તરીકે સંબોધવામાં આવે છે તે કાયદો લાગુ પડતો હોય ત્યારે હાલનો રેફરન્સ કેસ કે જે આઈ.ડી.એકટની કલમ ૧૦(૧) અન્વયે રીફર કરવામાં આવેલ હોય, તે કાયદા હેઠળ અત્રેની કોર્ટને સદરહુ વિવાદ ચલાવવાની કોઈ હકુમત પહોંચતી ન હોય, ત્યારે મદદનીશ શ્રમ આયુકત દ્વારા ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈ હેઠળ જે વિવાદ રીફર કરેલ હોઈ, તે વિવાદ સદરહુ કાયદાની જોગવાઈ હેઠળ રીફર થવા પાત્ર ન હોઈ કે ગુણદોષ ઉપર ચાલવાપાત્ર ન હોઈ, જેથી અરજદારની ગેરહાજરીમાં પણ હાલનો વિવાદ ટકી શકે તેમ નથી. આમ હાલનો વિવાદ હકુમત, વિલંબ અને રેસજયુડીકેટાના સિધ્ધાંતના બાધના કારણે ટકી શકે તેમ ન હોઈ, જેથી નામંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૫) લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી દ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલના એવોર્ડની પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તારીખ : ૨૮–૧૦–૨૦૨૧
સ્થળ : અમદાવાદ.

(પરવેઝઅહેમદ અલીમોહંમદ માલવીયા)
CODE : GJ00837
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.

J.B.KUNJERA,P.A.